સંક્ષિપ્ત સમાચાર

જૂના કાવઠા ગામમાં કોબ્રાનું રેસ્ક્યુ

કુકરમુંડા: નિઝરના જૂના કાવઠા ગામે પંકજ નાઈકના મકાનમાંથી કોબ્રા નાગ મળી આવતાં અફરાતફરી મચી હતી. સ્નેક રેસ્ક્યુઅર સૂરજ વળવીએ સ્થળ પર પહોંચી સાપનું સુરક્ષિત રેસ્ક્યુ કર્યું હતું. તેમણે ચોમાસામાં સાપને મારવાના બદલે રેસ્ક્યુઅરને જાણ કરવા અપીલ કરી હતી.

સાયણમાં હાર્ટ એટેક આવતાં ટેમ્પો ચાલકનું મોત

સાયણ: સુરતના એ.કે. રોડ, હીરાબાગ સ્થિત રૂપમ સોસાયટીમાં રહેતા અને મૂળ અમરેલીના લાઠીના વતની જગદીશ વિરાભાઈ ગોહિલ (ઉ.વ.૪૨) ગત તા.૨૫ના રોજ પોતાની બોલેરો પિકઅપ વાન નં.(GJ-14-Z-6797) લઈને સાયણ સુગર રોડ પરથી પસાર થઈ રહ્યા હતા. સાંજે ૪:૩૦ વાગ્યાના સુમારે એ-વન ચિકન બિરયાની નજીક પહોંચતા જ તેમને અચાનક ગભરામણ થઈ હતી. આથી સમયસૂચકતા વાપરી ટેમ્પો રોડની સાઈડમાં ઊભો રાખી દીધો હતો. ત્યારબાદ તેઓ સ્થળ પર જ બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક સારવાર અર્થે સાયણની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પ્રાથમિક તારણ મુજબ ચાલુ ડ્રાઇવિંગ દરમિયાન હાર્ટ એટેક આવવાથી તેમનું મોત નીપજ્યું હતું.

હાંસોટના વમલેશ્વર ખાતે હિંદુ ધર્મસભા યોજાઈ

અંકલેશ્વર: હાંસોટના વમલેશ્વરમાં શ્રી રેવા સંગમ તીર્થધામ વિકાસ મંડળ દ્વારા હિંદુ ધર્મસભાનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે મધ્યપ્રદેશના જબલપુર સ્થિત સંકેતધામ આશ્રમના સંત ગિરિશાનંદ સ્વામી સહિત વિવિધ સંત-મહંતો, આરએસએસના વરિષ્ઠ પ્રચારક હરીશભાઈ રાવલ, રાજકીય આગેવાનો તેમજ મોટી સંખ્યામાં ધર્મપ્રેમી લોકો હાજર રહ્યા હતા. ધર્મસભાનો મુખ્ય હેતુ શ્રી રેવા સંગમ તીર્થધામના સર્વાંગી વિકાસ માટે જનજાગૃતિ લાવવાનો હતો.

નર્મદા જિલ્લામાં ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું કામ યુદ્ધના ધોરણે શરૂ

સુરત: નર્મદા જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી થયેલા વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોને તાલુકા મથકો તેમજ અન્ય ગામો સાથે જોડતા અનેક આંતરિક માર્ગોના કેટલાક ભાગોને નુકસાન થયું હતું. વરસાદી પાણીના સતત પ્રવાહ, નાળા ઉપરથી પાણી ફરી વળવા તેમજ ડામર સપાટી પર માટી અને કચરો જમા થવાના કારણે વાહનવ્યવહારને અસર પહોંચી હતી. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને માર્ગ અને મકાન વિભાગ (જિલ્લા પંચાયત), નર્મદા દ્વારા તાત્કાલિક અસરથી માર્ગોના દુરસ્તીકરણ અને સમારકામની કામગીરી યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવી છે. વિભાગ દ્વારા વિવિધ માર્ગોનું સ્થળ પર નિરીક્ષણ કરી જ્યાં જરૂરી હોય ત્યાં વેટમિક્સ દ્વારા ખાડાઓનું સમારકામ, માર્ગની સપાટીનું સમતલીકરણ, ડામર ઉપર જમા થયેલી માટી અને કાદવની સફાઈ તેમજ વરસાદી પાણીના નિકાલ માટે જરૂરી કામગીરી કરવામાં આવી રહી છે. જેના કારણે વાહનવ્યવહારને ફરીથી સરળ અને સુરક્ષિત બનાવી શકાય.

ઘાંટોલીમાં શંકાના આધારે યુવક પર ચપ્પુ વડે હુમલો

સાગબારા: ડેડિયાપાડાના ઘાંટોલી ગામે પત્ની સાથે અનૈતિક સંબંધોની શંકા રાખી આશિક વસાવા નામના શખ્સે તેના જ પાડોશી પ્રકાશભાઈ વસાવા (ઉ.વ.૩૫) પર ચપ્પુ વડે પ્રાણઘાતક હુમલો કર્યો હતો. દિવસ દરમિયાન બે વાર ઝઘડો થયા બાદ સાંજે ઘરે સૂતેલા પ્રકાશભાઈ પર આરોપીએ ગળા અને હાથના ભાગે ચપ્પુના ઘા ઝીંક્યા હતા. ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર અર્થે રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે, જ્યાં ગળાના ભાગે ટાંકા આવ્યા છે. આ ઘટના અંગે ડેડિયાપાડા પોલીસે હુમલાખોર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આશ્રમશાળાનાં બાળકોને ડ્રાયફ્રૂટ વિતરણ

ભરૂચ: સાઈ કલ્યાણ પરિવાર, અંજલિ યોગા પરિવાર ઝાડેશ્વર અને ચંદ્રદર્શન સોસાયટી મહિલા ગ્રુપ, મહિલા ગ્રુપ દ્વારા ગૌરીવ્રત નિમિત્તે અટાલી આશ્રમશાળા ડ્રાયફ્રૂટ સહિતની વસ્તુઓ વિતરણ કરવામાં આવી હતી. આયોજકો દ્વારા બાળકોને ડ્રાયફ્રૂટ સાથે મેકઅપ કિટ, ચણિયાચોળી, પેન્સિલ પાઉચ અને હળવો નાસ્તો વિતરણ કરવામાં આવ્યો હતો.

અંકલેશ્વરનો યુવક રહસ્યમય રીતે ગુમ

અંકલેશ્વર: અંકલેશ્વરના જીતાલી વિસ્તારમાં રહેતો ૨૪ વર્ષીય ચંદનકુમાર મોર્યા એસ.વી.જી. ફેશન્સ કંપનીમાં નાઈટ ડ્યૂટી પૂર્ણ કર્યા બાદ રહસ્યમય સંજોગોમાં ગુમ થયો છે. ૧૮ જુલાઈના રોજ સવારે ડ્યૂટી પતાવી નીકળ્યા બાદ ઘરે ન પહોંચતાં પરિવારજનોએ શોધખોળ કરી હતી. કોઈ પત્તો ન લાગતાં મોટા ભાઈ સૂરજ મોર્યાએ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે યુવકની શોધખોળ હાથ ધરી છે.

તીતવામાં પેટ્રોલ પુરાવવા બાબતે મારામારી

વાલોડ: વાલોડના તીતવા ગામે જશ પેટ્રોલ પમ્પ પર પેટ્રોલ પુરાવ્યા બાદ પૈસા ચૂકવવા બાબતે થયેલી બોલાચાલીમાં ઉશ્કેરાયેલા રોશન ચૌધરીએ તેના મિત્રો સાથે મળી પમ્પ પર નોકરી કરતા બે સગા ભાઈઓ મયંક અને મિત ચૌધરી પર હુમલો કર્યો હતો. આરોપીઓએ બંને ભાઈઓ સાથે છૂટા હાથની મારામારી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ મામલે મયંક ચૌધરીએ વાલોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પી.એસ.આઈ શીતલબેન સોલંકી દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

વાલોડમાં 'ડોર ટુ ડોર' કચરા કલેક્શન હાથ ધરાયું

વાલોડ: સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) યોજના અંતર્ગત વાલોડ ગ્રામ પંચાયત દ્વારા ગામમાં સ્વચ્છતા જળવાઈ રહે એ આશય સાથે 'ડોર ટુ ડોર' કચરા કલેક્શન અભિયાન હાથ ધરાયું હતું. ગામના વિવિધ વિસ્તારો અને શેરીઓમાં ઈ-રિક્ષા/કચરા વાહન મારફતે ઘરોમાંથી ભીનો અને સૂકો કચરો એકત્રિત કરવાની કામગીરી કરાઈ હતી.

ચચરબુંદા-બંગલી ફળિયાને જોડતો કોઝવે ભારે વરસાદમાં ધોવાયો

સોનગઢ: ઉકાઈના ચચરબુંદા ખાતે બંગળી ફળિયા અને નવાગામ ઉકાઈ સાથે જોડતો મહત્ત્વનો પુલિયો (કોઝવે) ધોવાઈ ગયો હતો. આ રસ્તો બંધ થઈ જવાથી શાળાએ જતાં માસૂમ બાળકો તેમજ રોજિંદી અવરજવર કરતા રાહદારીઓ માટે ભારે હાલાકી સર્જાઈ હતી. ગ્રામજનો દ્વારા અગાઉ સંબંધિત અધિકારીઓને આ અંગે જાણ કરવા છતાં કોઈ જ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતાં ગ્રામજનોની આ ગંભીર સમસ્યાને ધ્યાને લઈને નવ નિયુક્ત ઉકાઈ તાલુકાના ન્યાય સમિતિના અધ્યક્ષ માર્કુશભાઈ ગામીતને જાણ કરવા માં આવી હતી. આથી ન્યાય સમિતિના અધ્યક્ષ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. તેમણે સ્થિતિની ગંભીરતા પારખીને પોતાના સ્વખર્ચે ગામના યુવાનોને સાથે રાખી જાતે જ પુલિયાનું પુરાણ કરવાનું શરૂ કર્યું હતું. આ સરાહનીય પ્રવૃત્તિના અહેવાલ માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ સુધી પહોંચતા જ તંત્ર હરકતમાં આવ્યું હતું. વિભાગની ટીમ ત્વરિત ઘટના સ્થળે પહોંચી હતી અને કોઝવેનું નિરીક્ષણ કરી હાલ જોખમી બનેલા આ પુલિયાના રસ્તા પર રાહદારીઓની સલામત અવરજવર માટેની કામગીરી પોતાના હાથ પર લીધી હતી.

'જમીન ગઈ, હવે રોજગારી આપો'

ભરૂચ જિલ્લાના જાગેશ્વર ગામે કાયમી રોજગારી ન મળે ત્યાં સુધી અસરગ્રસ્ત ખેડૂતોનાં ધરણા

ભરૂચ: ઔદ્યોગિક વિકાસની સાથે સ્થાનિકોની ઉપેક્ષાનો એક બીજો કિસ્સો સામે આવ્યો છે. ભરૂચ જિલ્લાના જાગેશ્વર ગામે સોમવારે આંદોલનનું એક નવું પ્રકરણ ઉમેર્યું છે. જ્યાં જમીન ગુમાવનારા ખેડૂતોના યુવાનોએ કંપનીના ગેટ સામે અનિશ્ચિત મુદતનાં ધરણા શરૂ કરી દીધાં છે. તેમની એક જ માંગ છે-અમને કાયમી રોજગારી આપો.

વર્ષ 1996-97 દરમિયાન GIDC અને ખાનગી કંપનીઓ દ્વારા જાગેશ્વરની ફળદ્રુપ ખેતીની જમીનો સંપાદિત કરવામાં આવી હતી. ત્યારે ખેડૂતોને પ્રતિ એકર માત્ર રૂ.56 હજારનું વળતર આપવામાં આવ્યું હતું. સાથે જ જમીન ગુમાવનારા પરિવારોને કાયમી રોજગારી, પીવાનું પાણી, રસ્તા અને વરસાદી પાણીના નિકાલ જેવી સુવિધાઓ આપવાની લેખિત ખાતરી પણ આપવામાં આવી હતી. શરૂઆતમાં અહીં ABG શિપયાર્ડ કાર્યરત હતું. ત્યારે કેટલાક સ્થાનિકોને રોજગારી મળી હતી. પરંતુ કંપની બંધ થતાં સેંકડો પરિવારો ફરી બેરોજગાર થયા હતા. હાલમાં આ મિલકત રિલાયન્સ ઈન્ડસ્ટ્રિઝના સંચાલન હેઠળ છે અને કામગીરી શરૂ થઈ ગઈ છે, છતાં સ્થાનિક યુવાનોને રોજગારી ન આપતાં રોષ વ્યાપી ગયો છે. સ્થાનિક રહીશ દીપક પટેલે જણાવ્યું કે, છેલ્લાં બે વર્ષથી જમીન ગુમાવનારા પરિવારોના હક માટે સતત રજૂઆતો કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી સુધી લેખિત રજૂઆત કરવા છતાં કોઈ પરિણામ ન આવ્યું. GIDC અને GPCBની હાજરીમાં કંપની સાથે બે વખત બેઠક યોજાઈ હતી, જેમાં GIDC દ્વારા પણ સ્વીકારવામાં આવ્યું હતું કે જમીન ગુમાવનારાઓને રોજગારી મળવી તેમનો હક છે. છતાં કંપની તરફથી કોઈ હકારાત્મક નિર્ણય લેવાયો નથી.

સ્થાનિકોએ વધુમાં આક્ષેપ કર્યો છે કે, રોજગારીની સમસ્યા સાથે અત્યારે કંપનીની પ્રવૃત્તિઓના કારણે ગામમાં પ્રદૂષણની સમસ્યા પણ વધી રહી છે. જેના કારણે ભવિષ્યમાં આરોગ્યને લઈને દહેશત સેવાઈ રહી છે. હવે પીડિત ખેડૂતો અને સ્થાનિક યુવાનોએ કંપનીના ગેટ સામે અનિશ્ચિત મુદતનાં ધરણા શરૂ કર્યાં છે. આંદોલનકારીઓએ સ્પષ્ટ ચીમકી આપી છે કે, જ્યાં સુધી જમીન ગુમાવનારા ખેડૂતોના પુત્રોને કંપનીમાં કાયમી રોજગારી આપવામાં નહીં આવે ત્યાં સુધી આ આંદોલન ચાલુ રહેશે.

ભરૂચમાં સાડીનો છેડો બાઈકના વ્હીલમાં ફસાતાં મહિલા પટકાઈ

ભરૂચથી કામ પતાવી દંપતી ભાડભૂત પરત ફરતું હતું, પતિને પણ ઇજા પહોંચી

ભરૂચ: ભરૂચના વેસદરા નજીક બાઈક પર પતિ સાથે પરત ફરી રહેલી મહિલાની સાડીનો છેડો પાછળના વ્હીલમાં ફસાઈ જતાં તેઓ રસ્તા પર પટકાઈ હતી.

આ દુર્ઘટનામાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયાં હતાં અને તેમને સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં છે.

મળતી માહિતી મુજબ ભાડભૂતના રહેવાસી પ્રવીણભાઈ ઠાકોર પોતાનાં પત્ની સુમિત્રાબેન સાથે અમુક કામ અર્થે ભરૂચ શહેર આવ્યા હતા. કામ પૂરું થતાં બંને બાઈક પર પાછા ભાડભૂત જઈ રહ્યાં હતાં. ત્યારે વેસદરા ગામ પાસે પહોંચતાં જ પાછળ બેઠેલાં સુમિત્રાબેનની સાડીનો છેડો અચાનક બાઈકના પાછળના ચક્કામાં ફસાઈ ગયો હતો. સાડી ખેંચાતાં તેમનું સંતુલન બગડ્યું અને તેઓ સીધા રસ્તા પર પટકાયાં હતાં. આ ઘટનામાં તેમને ગંભીર ઈજા થઈ હતી. બનાવ બાદ તાત્કાલિક 108 ઈમરજન્સી સેવા દ્વારા તેમને ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતાં, જ્યાં તેમની સારવાર ચાલુ છે.

અંકલેશ્વરમાં મુંબઈની યુવતી સાથે લગ્નની લાલચે દુષ્કર્મ

અંકલેશ્વરના યુસુફ સામે દુષ્કર્મ અને રૂ.૮.૪૫ લાખની છેતરપિંડીની ફરિયાદ

અંકલેશ્વર: મુંબઈના ટ્રોમ્બે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એક ગંભીર ફરિયાદ આગળની તપાસ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ સ્ટેશનને સોંપવામાં આવી છે.

ફરિયાદ અનુસાર મુંબઈની ૨૨ વર્ષીય યુવતીને અંકલેશ્વરના રહીશ યુસુફ ઇકબાલ મહેતાએ ૨૦૨૩થી ૨૦૨૬ દરમિયાન લગ્નનું ખોટું વચન આપી વિશ્વાસમાં લીધી હતી. દરમિયાન અંકલેશ્વરની ગોરબંધ પેલેસ હોટલ, તેના નિવાસસ્થાને અને માથેરાન ખાતે અલગ-અલગ સ્થળે શારીરિક સંબંધો બાંધ્યા હતા, જેમાં માથેરાન ખાતે સંમતિ વિના સંબંધ બાંધવાનો પણ આક્ષેપ છે.

આ ઉપરાંત અંકલેશ્વરમાં કપડાંનો વ્યવસાય શરૂ કરવાના બહાને યુસુફે ફરિયાદી પાસેથી તબક્કાવાર કુલ રૂ.૮.૪૫ લાખ મેળવ્યા હતા, જેમાં તેના પરિવારે પણ રૂપિયા પરત આપવાની ખાતરી આપી હતી. બાદ આરોપીએ ફરિયાદી સાથે લગ્ન કરવાને બદલે અન્ય યુવતી સાથે લગ્ન કરી લીધાં હતાં. જ્યારે યુવતીએ પોતાનાં નાણાં પરત માગ્યા ત્યારે આરોપી યુસુફ, તેના પિતા ઇકબાલ, માતા સલમા, બહેનો નઝીરા અને આસિયા તેમજ પત્ની આલિયાએ ફરિયાદી, તેની માતા અને બહેન સાથે મારામારી કરી ધમકી આપી હતી. આરોપ છે કે, આરોપીની પત્નીએ ફરિયાદીની આંગળી કરડી ઈજા પહોંચાડી હતી અને તેમને ઘરમાંથી કાઢી મૂક્યાં હતાં.

અંકલેશ્વરના સ્ટેશન રોડ સ્થિત જીન ફળિયાના રહીશ આ તમામ આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતા હેઠળ ગુનો નોંધાયો છે. હાલ અંકલેશ્વર જીઆઈડીસી પોલીસ નાણાકીય વ્યવહારો, શારીરિક શોષણ અને પુરાવાઓના આધારે વધુ તપાસ ચલાવી રહી છે.

બિલોઠી તા.પં.ની પેટા ચૂંટણી માટે આજે જંગ

ભરૂચ, નેત્રંગ: નેત્રંગ તાલુકા પંચાયતની ખાલી પડેલી બિલોઠી બેઠકની પેટા ચૂંટણી માટે આજે મંગળવારે મતદાન યોજાશે. AAP સભ્યના અવસાન બાદ યોજાઈ રહેલી આ ચૂંટણીમાં ભાજપના કાંતિલાલ વસાવા, AAPના પ્રવીણભાઈ વસાવા અને કોંગ્રેસના રણજીતભાઈ વસાવા વચ્ચે ત્રિપાંખિયો મુકાબલો છે. સ્થાનિક રાજકારણ માટે આ પેટા ચૂંટણી 'એસિડ ટેસ્ટ' સમાન ગણાઈ રહી છે. ભાજપે પોતાના પાંચ ધારાસભ્યો સાથે સરકારી યોજનાઓ અને વિકાસના એજન્ડા પર પ્રચાર કર્યો છે. તો બીજી તરફ AAP એ જેલસ્થિત ધારાસભ્ય ચૈતર વસાવાની પત્નીઓ મારફતે ડોર-ટુ-ડોર સંપર્ક કરી આદિવાસી સમાજની સહાનુભૂતિ મેળવવાનો પ્રયાસ કર્યો છે. હવે આ ચૂંટણીનું પરિણામ બિલોઠીના મતદારોના હાથમાં રહેશે.

સંક્ષિપ્ત સમાચાર

અંકલેશ્વર જીઆઇડીસીમાં માત્ર ૨ વર્ષ પહેલા બનેલા રસ્તા તૂટી જતાં ટ્રાફિક ધીમો પડ્યો

અંકલેશ્વર: અંકલેશ્વર જીઆઇડીસીમાં કરોડો રૂપિયાના ખર્ચે બનેલા રસ્તા બે વર્ષમાં જ તૂટી ગયા છે. તાજેતરમાં પડેલા અંદાજે 6 ઇંચ વરસાદમાં અનેક માર્ગો ધોવાઈ ગયા છે. સૌથી વધુ અસર એશિયન પેઇન્ટ્સ ચોકડી વિસ્તારમાં જોવા મળી હતી. ત્યાં મોટા ખાડા પડતા વાહનચાલકોને ભારે મુશ્કેલી પડી રહી છે. કેટલાંક સ્થળોએ રસ્તાની સપાટી ઊખડી ગઈ છે. ટ્રાફિક ધીમો પડ્યો છે.

ઉચ્છલ અને નિઝરમાં રોપાઓનું મફત વિતરણ

કુકરમુંડા: ઉચ્છલ-નિઝર તાલુકામાં વિકલ્પ સંસ્થા દ્વારા વ્યાપક રોપા વિતરણ અભિયાન સફળતાપૂર્વક યોજાયું હતું. આ અભિયાન હેઠળ બંને તાલુકાના નવાવડગામ, નવી ભીલભવાલી, ખેરવા, વડલી, તાપીખડક્લા, સયાજીગામ, નવાગામ, પાણીબારા, આમોદા, સસા, નૂરાબાદ, વડદેખુર્દ, મોગલબારા, મૌલીપાડા, છાપટી, નવી કાચલી, પરચુલી, આનંદપુર, સેલુડ, જામણે અને પાંખરી સહિતનાં ગામોમાં કુલ 37,633 રોપાનું નિ:શુલ્ક વિતરણ કરાયું હતું.

માંડવી તાલુકામાં આરોગ્ય વિભાગની સઘન કામગીરી

માંડવી: માંડવી તાલુકાના મોટીચેર, જાંખલા, કાકરાપાર ગામોમાં ભારે વરસાદી પાણી ઓસરી ગયા બાદ આરોગ્ય વિભાગની ટીમો દ્વારા પીવાના પાણીનું ક્લોરિનેશન, સાફસફાઇ, દવાનો છંટકાવ (ડસ્ટિંગ), આવશ્યક સ્થળોએ ફોગિંગ, તેમજ સ્થાનિક નાગરિકોના હેલ્થ ચેકઅપ કરી જરૂરિયાત મુજબ સારવાર અને દવાઓનું નિ:શુલ્ક વિતરણ કરાયું હતું.

તિલકવાડામાં વીજલાઇનના તાર ચોરાતાં ફરિયાદ

સુરત: તિલકવાડાના ખુશાલપુરા સીમમાં ૧૧ કેવી એગ્રીકલ્ચર ફીડરના ૪૨ જેટલા વીજ થાંભલા પરથી આશરે ૩,૭૮૦ મીટર લાંબા એલ્યુમિનિયમના વાયરો ચોરાઈ ગયા હતા. જેની કિં.રૂ.૧,૪૫,૦૬૫ થાય છે. આ ઘટના તા.૧૪/૭/૨૦૨૬થી તા.૧૫/૭/૨૦૨૬ દરમિયાન પાવર બંધ હતો તે સમયે બની હોવાનું જણાયું છે. પોલીસે DGVCLના નાયબ ઇજનેર કુંજલ મુનિવાલાની ફરિયાદના આધારે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

રાજપીપળામાં મંદિર પાછળથી બાઈક ચોરાઈ

સુરત: નાંદોદના શહેરાવના રહીશ યુવરાજસિંહ બારડની રૂ.૨૦,૦૦૦ની બાઇક નં.(GJ-06-AR-0912) ચોરાઈ ગઈ હતી. નોકરીએથી પરત ફરતા કાલાઘોડાના ભાથીજી મહારાજ મંદિર પાછળ પાર્ક કરેલી બાઈક કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી જતાં રાજપીપળા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

તરાજ નજીક પશુ ભરેલો ટેમ્પો ઝડપાયો

પલસાણા: પલસાણાના તરાજમાં ટેમ્પોમાંથી અત્યંત ગીચોગીચ બાંધેલા ૩૦ પાડા અને ૧ ભેંસ સહિત ૩૧ પશુને ક્રૂરતાપૂર્વક લઈ જવાતાં પોલીસે મુક્ત કરાવ્યા હતા. પોલીસે ડ્રાઇવર ભેસ્તાન આવાસના સકીલ હમીદ શાહ અને ભાઠેનાના મુખ્ય ઈસમ ઉસ્માન મહેબુબ શેખની અટકાયત કરી છે. આ બનાવમાં પશુઓ અને ટેમ્પો સહિત કુલ રૂ.૧૧,૭૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

ડેડિયાપાડા નજીક કન્ટેનરમાંથી રૂ.64 લાખનો દારૂ ઝડપાયો

દારૂ અને કન્ટેનર મળી રૂ.79 લાખનો મુદ્દામાલ કબજે, એકની ધરપકડ

સાગબારા: ગુજરાત-મહારાષ્ટ્ર સરહદે પોલીસ ચેકપોસ્ટને ચકમો આપી થતી વિદેશી દારૂની મોટી હેરાફેરીનો નર્મદા LCB ટીમે પર્દાફાશ કર્યો છે. બાતમીના આધારે પોલીસે ડેડિયાપાડા-નેત્રંગ રોડ પર નાયરા પેટ્રોલ પંપ નજીક મહારાષ્ટ્ર તરફથી આવતા એક કન્ટેનર નં.(MH-04-JK-9319)ને અટકાવીને તપાસ કરી હતી.

તપાસ દરમિયાન કન્ટેનરમાંથી રૂ.64.41 લાખથી વધુની કિંમતની દારૂની 33,552 બોટલો મળી આવી હતી. પોલીસે કન્ટેનર અને મોબાઈલ મળી કુલ રૂ.79,46,984નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ મામલે ટ્રકચાલક ઓમપ્રકાશ ભાખરારામ બિસ્નોઈ (રહે.,બાડમેર, રાજસ્થાન)ની ધરપકડ કરવામાં આવી છે. પૂછપરછમાં સામે આવ્યું કે, આ દારૂ મહારાષ્ટ્રના મનોરથી 'શિવમ ટ્રાન્સપોર્ટ'ની બોગસ બિલ્ટી બનાવી લાવવામાં આવ્યો હતો. આ કેસમાં મહાદેવ રાજપૂત નામના શખ્સને વોન્ટેડ જાહેર કરાયો છે.

બીજી તરફ મહારાષ્ટ્ર સરહદે ઘનશેરા ચેકપોસ્ટ અને સાગબારા પોલીસ મથક વચ્ચે દરરોજ રાત્રે નંબર પ્લેટ વિનાની કારો (ઈનોવા, ઈકો અને જીપ) દ્વારા લિકર માફિયાઓ દારૂની હેરાફેરી કરતા હોવાના સ્થાનિક અહેવાલોથી પોલીસની કામગીરી સામે મોટો પડકાર ઊભો થયો છે. સ્થાનિકોએ આ અસામાજિક તત્ત્વો સામે કડકમાં કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ભરૂચમાં 50 હજાર દારૂની બોટલ સાથે કન્ટેનર ઝડપાયું

LCBનો દરોડો, રૂ.90.85 લાખથી વધુનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો

ભરૂચ: ભરૂચ એલસીબીએ દહેજ રોડ પર આવેલા આમદડા ગામ નજીકના ડ્રીમ કોમ્પ્લેક્સમાં દરોડો પાડી વિદેશી દારૂનું મોટું નેટવર્ક ખુલ્લું પાડ્યું છે. બાતમીના આધારે પોલીસે બંધ બોડીના આઈસર કન્ટેનરમાંથી ગોડાઉનમાં સંતાડાતો વિદેશી દારૂ ઝડપી પાડ્યો હતો. આ દરોડા દરમિયાન પોલીસે ગોડાઉન અને કન્ટેનરમાંથી વિદેશી દારૂના કુલ ૧,૦૪૮ બોક્સ (૫૦,૩૦૪ બોટલ) જપ્ત કર્યા છે. દારૂના જથ્થા સાથે રૂ.૧૦ લાખનું આઈસર કન્ટેનર, રૂ.૫ લાખની વર્ના કાર અને ૩ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૯૦,૮૫,૬૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. પોલીસે સ્થળ પરથી રાજસ્થાનના ૨૫ વર્ષીય પ્રકાશ કેશરામ ચૌધરીની ધરપકડ કરી છે. પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે, આ દારૂ ગોડાઉનમાં ઉતારીને નાની ગાડીઓ મારફતે ભરૂચ અને આસપાસના જિલ્લાઓમાં સપ્લાય કરવાનો પ્લાન હતો. પોલીસને જોઈને નાસી છૂટેલા હાર્દિક ચૌધરી, મીત પ્રજાપતિ, નિલેશ ચૌધરી, વિનિષ અને કન્ટેનરના ડ્રાઈવર સહિત પાંચ આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

ભરૂચમાં વિદેશી દારૂ સાથે એક ઝડપાયો

ભરૂચ: ભરૂચ LCB પોલીસે બાતમીના આધારે બરાનપુરા વિસ્તારમાં રેડ કરી અક્ષય ઉર્ફે અક્કી વસાવાને ઝડપી લીધો હતો. મોપેડ નં.(GJ-16-EF-8141) પરથી રૂ.89,688ની કિંમતની વિદેશી દારૂની 204 બોટલો અને મોપેડ મળી કુલ રૂ.1.39 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. આ દારૂ જાવેદ શેખે આપ્યો હતો અને ધર્મેશ ઠાકોરે મંગાવ્યો હોવાની કબૂલાત મળતાં પોલીસે બંનેને વોન્ટેડ જાહેર કરી 'એ' ડિવિઝનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

અંકલેશ્વરમાં તળાવમાં મગર દેખાયો

અંકલેશ્વર: અંકલેશ્વરના ઉમરવાડા રોડ પર આમલાખાડી નજીક આવેલા એક તળાવમાં પશુપાલકને મગર દેખાયો હતો. મગરને જોતા જ પશુપાલકોએ તાત્કાલિક પશુઓને તળાવથી દૂર ખસેડી લીધાં હતાં. આ ઘટનાને પગલે પશુપાલકોમાં ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે.

વરેલીથી ગુમ બાળક મળી આવ્યો

પલસાણા: કડોદરા GIDC પોલીસે માનવીય અભિગમ દાખવી એક ૭ વર્ષના બાળકનું તેની માતા સાથે સુખદ મિલન કરાવ્યું છે. ૨૬ જુલાઈના રોજ વરેલીથી ચલથાણ મિત્ર સાથે રમવા ગયેલો બાળક રસ્તો ભૂલી જતાં ગુમ થયો હતો. માતાની ફરિયાદના આધારે પોલીસે તાત્કાલિક અલગ-અલગ ટીમ બનાવી સીસીટીવી ફૂટેજ ચકાસી શોધખોળ હાથ ધરી હતી. ગણતરીના કલાકોમાં બાળકની કૃષ્ણાનગર નહેર પાસેથી ભાળ મેળવી, કાઉન્સેલિંગ કરી તેને સુરક્ષિત માતાને સોંપાયો હતો. પોલીસની આ ત્વરિત અને સરાહનીય કામગીરીની ચારેય તરફ પ્રશંસા થઈ રહી છે.

Milano MULTIPLEX

બારડોલી

Dhamaal 4
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:30pm

Layak Nalayakk-Gujarati
05:30pm

Jan Neta
11:00am, 02:30pm, 06:00pm, 09:00pm, 10:00pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્ક: 98791 33333

શ્રી નવચેતન એજ્યુકેશન સોસાયટી વાલિયા,જી.ભરૂચ સંચાલિત

જોઈએ છે **શ્રી રંગ નવચેતન મહિલા આર્ટસ કોલેજ, વાલિયા,**

તા.વાલિયા, જી.ભરૂચ-૩૯૩૧૩૫-ગુજરાત

ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી ગાંધીનગરના ક્રમાંક : કવટ/isc3/વર્ગ-૩/NOC/૨૦૮૪૨.૪૪ તા.૨૩-૦૯-૨૦૨૫ થી નીચેની જગ્યા ભરવા માટે NOC મળેલ છે. તથા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી કચેરી ગાંધીનગરના જા.નં.: કવટ/isc3/NOC મુ.વધારો/2026/8034 તા.06/07/2026 ના અનુસંધાને **ફરી જાહેરાત**

ક્રમ	જગ્યાનું નામ	કુલ ખાલી જગ્યા	કેટેગરી	લાયકાત	પગાર	વય મર્યાદા
૧	જુનિયર કલાર્ક સંવર્ગ-૩	૦૧	બિન અનામત	ગુજરાત સરકારશ્રીના ધારાધોરણો મુજબ જે તે વિદ્યાશાખામાં સ્નાતક ડિગ્રી, (ગુજરાતી/હિન્દીનું જ્ઞાન) તેમજ ગુજરાત સરકારશ્રીની માન્ય સંસ્થાની કોમ્પ્યુટર પરીક્ષા પાસ	૫ વર્ષ માટે ફિક્સ પગાર ગુજરાત સરકારશ્રીના ધારાધોરણો અનુસાર	૨૦ થી ૩૫ વર્ષ